હાવરા

પાકિસ્તાન

અમૃતસર

જિંગહોંગ

ઢાકા

આસામ

એશિયાના કેટલાક ભાગોમાં વિવિધ સમુદાયોએ પરંપરાગત નવા વર્ષ અને વસંત પાક તેમજ બૈશાખીની ઉજવણી શ્રદ્ધા અને પરંપરાઓ સાથે કરી હતી. ચીનના જિંગહોંગ પ્રાંતમાં દાઈ નવા વર્ષની ઉજવણી દરમિયાન લોકોએ પાણી છંટકાવ વડે આશીર્વાદ મેળવ્યા હતા. વરસાદની ઋતુ શરૂ થવા પહેલાં તેમના શ્રમના ફળનો આનંદ માણવાની આ પરંપરા છે. બાંગ્લાદેશમાં, પોહેલા વૈશાખ, બંગાળી નવા વર્ષ માટે રસ્તાઓ રંગોથી ભરાઈ ગયા હતા, જ્યાં સરઘસો અને સંગીત એક નવી શરૂઆતનો સંકેત આપે છે. દરમિયાન, ભારત અને પાકિસ્તાનમાં, શીખોએ બૈશાખીનો તહેવાર ભજન અને સંગીત સાથે ઉજવીને ખેતી પાક માટે આભાર માન્યો અને આગામી વર્ષમાં વિપુલતા માટે પ્રાર્થના કરી. આ તહેવાર શીખ વર્ષના બીજા મહિનાની શરૂઆતમાં આવે છે. પાકિસ્તાનમાં, આ પ્રસંગની ઉજવણી માટે હજારો શીખ મંદિરોમાં એકઠા થયા હતા, જેમાં દેશના પૂર્વી પંજાબ પ્રાંતમાં હસન અબ્દાલમાં ગુરુદ્વારા પંજા સાહિબ ખાતે 2,000 થી વધુ ભારતીય યાત્રાળુઓનો સમાવેશ થાય છે. યાત્રાળુઓ તેમની વચ્ચે ચાલી રહેલા તણાવ છતાં પડોશી દેશ ભારતથી પાકિસ્તાન ગયા હતા, જે તેમની સહિયારી શ્રદ્ધા પર ભાર મૂકે છે. ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય આસામમાં પણ લોકોએ નવી ઋતુની શરૂઆત કરતો લણણીનો તહેવાર બિહુ ઉજવ્યો. લયબદ્ધ ઢોલ વગાડતા અને ઉત્સાહી નૃત્ય સાથે ઉજવવામાં આવતો આ ઉત્સવ કૃષિ ચક્રની શરૂઆત તરીકે ઉજવવામાં આવે છે. જ્યારે પશ્ચિમ બંગાળના હાવરામાં બંગાળી વર્ષના અંતને ઉજવવા માટે હિન્દુ ભક્તો ધાર્મિક વિધિઓ કરી હતી અને નેપાળના ભક્તપુરમાં નેપાળી નવા વર્ષની ઉજવણી દરમિયાન બિસ્કા જાત્રા ઉજવણી દરમિયાન લોકોએ એકબીજાને સિંદૂર વડે રંગી દીધા હતા.

પેજ 3

ટાઇમના 100 પ્રભાવશાળીઓમાં પિચાઈ, વિકાસ ખન્ના અને રણબીર સામેલ

વર્ષ 2026 ની યાદીમાં ટેકનોલોજી, સિનેમા અને કળા ક્ષેત્રે ભારતીય હસ્તીઓએ વૈશ્વિક ફલક પર નામ રોશન કર્યું

ન્યૂયોર્ક, તા. 15 (પીટીઆઈ): ટાઇમ મેગેઝીને વર્ષ 2026ના વિશ્વના '100 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ'ની યાદી જાહેર કરી છે, જેમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, સેલિબ્રિટી શેફ વિકાસ ખન્ના અને અભિનેતા રણબીર કપૂર સહિત પાંચ ભારતીય અને ભારતીય મૂળની હસ્તીઓએ ગૌરવવંતું સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં યુટ્યુબના સીઈઓ નીલ મોહન અને ન્યૂયોર્ક સિટીના મેયર ઝોહરાન મામદાનીનો પણ સમાવેશ થાય છે. સુંદર પિચાઈના નેતૃત્વની પ્રશંસા કરતા ટાઇમે જણાવ્યું છે કે તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ને અબજો લોકો સુધી પહોંચાડવાનું કામ કર્યું છે. શેફ વિકાસ ખન્ના વિશે નોંધવામાં આવ્યું છે કે તેઓ માત્ર રસોડા પૂરતા મર્યાદિત નથી, પરંતુ ખોરાકને એક સાર્વત્રિક ભાષા તરીકે વાપરીને વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે સેતુ બાંધવાનું કામ કરે છે. અભિનેતા રણબીર કપૂર વિશે આયુષ્માન ખુરાનાએ લખ્યું છે કે રણબીર પોતાની અભિનય કળા દ્વારા ભારતની બદલાતી સંવેદનશીલતાને વિશ્વ સમક્ષ રજૂ કરનાર એક કુશળ વાર્તાકાર છે. આ વખતે યાદીમાં 96 વર્ષના વરિષ્ઠોથી લઈને નેપાળના 35 વર્ષીય વડાપ્રધાન બાલેન્દ્ર શાહ જેવા યુવા ચહેરાઓનો સમાવેશ એ દર્શાવે છે કે પ્રભાવ પાડવા માટે ઉંમરની કોઈ મર્યાદા હોતી નથી.

પાપાનુ નિધન અમને ઈશા અને આહનાની વધુ નજીક લઈ આવ્યું : બોબી દેઓલ

મુંબઈ, તા. 15 : ધર્મેન્દ્રના નિધન બાદ બોબી દેઓલે આ વિશે વાતો કરી છે અને જણાવ્યું છે કે, પિતાના ગયા પછી તેઓ અંદરથી કેટલો ખાલીપો અનુભવી રહ્યા છે. તેમણે પોતાની તાજેતરની વાતચીતમાં કહ્યું છે કે, તેમને એ વાતનું દુઃખ છે કે કાશ તેમણે પોતાના પિતા સાથે વધુ સમય વિતાવ્યો હોત. જોકે, તેમણે એ પણ જણાવ્યું કે પિતાને ગુમાવવાનું દુઃખ એવું છે જેણે તેમને પોતાની બંને સાવકી બહેનો ઈશા અને આહનાની નજીક લાવી દીધા છે. બોબી દેઓલે હાલમાં જ એક ઇન્ટરવ્યુમાં પિતાના વિખૂટા પડવાના દર્દને વ્યક્ત કર્યું હતું. આ ઇન્ટરવ્યુમાં બોબીએ જણાવ્યું કે, પિતાના નિધને તેમના આખા પરિવારને એકસાથે લાવી દીધો છે.

'સૈયારા'ની ત્રિપુટી મોહિત સૂરી, અહાન પાંડે અને અનીત પદ્દા વધુ એક લવ સ્ટોરી લાવશે

મુંબઈ, તા. 15 (PTI) કલાકારો અહાન પાંડે અને અનીત પદ્દા તેમની ફિલ્મ 'સૈયારા'ના નિર્દેશક મોહિત સૂરી સાથે વધુ એક તીવ્ર વાયઆરએફ લવ સ્ટોરી માટે ફરી જોડાઈ રહ્યા છે, જેનું નિર્માણ અક્ષય વિધ્હાની દ્વારા કરવામાં આવશે. બંને કલાકારોને એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મથી મોટી સફળતા મળી હતી. આ ફિલ્મ એક ઊભરતા સંગીતકાર અને ગીતકાર લેખિકા વચ્ચેની પ્રેમકથા પર આધારિત છે, જેને નાની ઉંમરમાં અલ્ઝાઇમરની બીમારી થઈ જાય છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહી હતી, જેણે ભારતમાં રૂ. 338 કરોડથી વધુ અને વૈશ્વિક સ્તરે રૂ. 500 કરોડથી વધુની કમાણી કરી હતી.

બિહારમાં ભાજપ યુગની શરૂઆત : સમ્રાટ ચૌધરીએ મુખ્યમંત્રી પદે શપથ લીધા

નીતીશ કુમારની હાજરીમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો

જેડીયુના બે દિગ્ગજ વિજય કુમાર અને બિજેન્દ્ર પ્રસાદ બન્યા ડેપ્યુટી સીએમ

સમ્રાટ ચૌધરીએ ગૃહ, સ્વાસ્થ્ય, કૃષિ, ઉદ્યોગ જેવા મહત્વના 30 વિભાગો પોતાની પાસે રાખ્યા

પટના, તા. 15 (પીટીઆઈ) : પટના, તા. 15 પીટીઆઈ) : બિહારના રાજકારણમાં આજે એક નવો અધ્યાય શરૂ થયો છે. ભાજપના નેતા સમ્રાટ ચૌધરીએ બુધવારે બિહારના 24મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. બિહારના ઇતિહાસમાં આ પ્રથમ ઘટના છે જ્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ નેતા રાજ્યના સર્વોચ્ચ પદ પર બિરાજમાન થયા હોય. અત્યાર સુધી સહયોગી ભૂમિકામાં રહેલી ભારતીય જનતા પાર્ટી હવે શાસનના કેન્દ્રમાં આવી છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને લોકભવન ખાતે સમ્રાટ ચૌધરીને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

સમ્રાટ ચૌધરીની સાથે જેડી (યુ) ના દિગ્ગજ નેતાઓ વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે અને તેમને નાયબ મુખ્યમંત્રી પદ સોંપવામાં આવ્યું છે. આ ફેરબદલ નીતિશ કુમારના રાજીનામા અને તેમના રાજ્યસભામાં ગયા બાદ થયો છે. લોક ભવન ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં રાજ્યપાલ સૈયદ અતા હસનૈને તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે જેડી (યુ) અધ્યક્ષ નીતીશ કુમાર, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને એલજેપી (આરવી)ના ચિરાગ પાસવાન સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ગૃહ મંત્રાલય સહિત સ્વાસ્થ્ય, કૃષિ અને ઉદ્યોગ જેવા મહત્વના 30 વિભાગો પોતાની પાસે રાખ્યા છે. વિજય કુમાર ચૌધરીને સંસદીય બાબતો અને જળ સંસાધન જ્યારે બિજેન્દ્ર પ્રસાદ યાદવને ઉર્જા અને નાણાં જેવા વિભાગો સોંપાયા છે. જોકે, વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે આ સરકાર પર કટાક્ષ કરતા સમ્રાટ ચૌધરીને 'સિલેક્ટેડ મુખ્યમંત્રી' ગણાવ્યા છે. હાલની કેબિનેટમાં દલિત, મહિલા કે મુસ્લિમ પ્રતિનિધિત્વ ન હોવાથી ટૂંક સમયમાં મંત્રીમંડળનું વિસ્તરણ થાય તેવી શક્યતા છે.

75 વર્ષીય નીતીશ કુમાર રાજ્યસભામાં ગયા બાદ રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન અનિવાર્ય બન્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમ્રાટ ચૌધરીને અભિનંદન પાઠવતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમના અનુભવ અને નેતૃત્વ હેઠળ બિહાર વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે.

57 વર્ષીય સમ્રાટ ચૌધરી કોએરી સમાજમાંથી આવે છે, જે બિહારનો પ્રભાવશાળી ઓબીસી વર્ગ છે. શપથ ગ્રહણ બાદ મુખ્યમંત્રીએ સચિવાલય જઈને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને સરકારની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હું આજથી જ કામ પર લાગી જઈશ. પીએમ મોદી અને પૂર્વ સીએમ નીતીશ કુમાર દ્વારા વિકસાવવામાં આવેલા શાસનના મોડેલને જ આગળ ધપાવવામાં આવશે.

હાલમાં કેબિનેટમાં કોઈ દલિત કે મહિલા પ્રતિનિધિ ન હોવાથી ટૂંક સમયમાં મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે, જેમાં નીતીશ કુમાર જે જાતિના છે તે કુર્મી જાતિ અને મુસ્લિમ સમુદાયના નેતા પણ સામેલ કરાશે તેવી અપેક્ષા છે જેથી તમામ જ્ઞાતિ સમૂહોને યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહે.

તુર્કીમાં વિદ્યાર્થીનો શાળામાં ગોળીબાર, 4નાં મોત, 20 ઘાયલ

બે દિવસમાં દેશમાં આ પ્રકારનો બીજો હુમલો,

મૃતકોમાં એક શિક્ષક અને ત્રણ વિદ્યાર્થી

અંકારા, તા. 15 (એપી): દક્ષિણ-પૂર્વ તુર્કીની એક મિડલ સ્કૂલમાં બુધવારે એક વિદ્યાર્થીએ બે વર્ગખંડોમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં અને અન્ય 20 લોકો ઘાયલ થયા હતા. એક અધિકારીના જણાવ્યા અનુસાર, દેશમાં બે દિવસમાં ગોળીબારની આ બીજી ઘટના છે.

કહરામનમરાસ પ્રાંતના ગવર્નર મુકર્રેમ ઉનલુરે જણાવ્યું હતું કે, હુમલાખોર વિદ્યાર્થી ખુદ પણ માર્યો ગયો છે, તે શાળામાં બંદૂકો લઈને આવ્યો હતો. માનવામાં આવે છે કે, આ હથિયારો તેના પિતાના હતા, જેઓ નિવૃત્ત પોલીસ અધિકારી છે. બંદૂકધારી પાસે પાંચ બંદૂક અને સાત મેગેઝિન હતા.

ઉનલુરે જણાવ્યું હતું કે, મૃતકોમાં એક શિક્ષક અને ત્રણ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઘાયલોમાંથી ઓછામાં ઓછા ચારની હાલત ગંભીર છે. હુમલા પાછળનો હેતુ તાત્કાલિક જાણી શકાયો નથી.

આ હુમલો તેના બરાબર એક દિવસ પછી થયો છે જ્યારે પડોશી સાન્લિયુર્ફા પ્રાંતમાં એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ હાઈસ્કૂલમાં ગોળીબાર કર્યો હતો, જેમાં મોટા ભાગે વિદ્યાર્થીઓ સહિત 16 લોકો ઘાયલ થયા હતા. તે હુમલાખોરે બાદમાં આત્મહત્યા કરી લીધી હતી.

આ અઠવાડિયા સુધી તુર્કીમાં શાળામાં ગોળીબારની આવી ઘટનાઓ દુર્લભ હતી.

અગાઉ, મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે કહરામનમરાસના ઓનિકીસુબત જિલ્લાની શાળામાં ગોળીબારનો અવાજ સંભળાયા બાદ સત્તાવાળાઓએ ત્યાં પોલીસ અને એમ્બ્યુલન્સ મોકલી હતી. ઘટનાસ્થળની તસવીરોમાં ઓછામાં ઓછા બે લોકોને એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવતા દેખાયા હતા.

એનટીવી ટેલિવિઝનના અહેવાલ મુજબ, સશસ્ત્ર હુમલાના સમાચાર સાંભળીને વાલીઓ શાળા પર દોડી આવ્યા હતા. પોલીસે શાળાની આસપાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી.

હરિયાણા જમીન કેસ : વાડ્રા સામેની ઈડીની ચાર્જશીટ પર કોર્ટે નોંધ લીધી

દિલ્હીની કોર્ટે વાડ્રા સહિત 9 આરોપીઓને 16 મેના રોજ હાજર થવા સમન્સ પાઠવ્યા

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): દિલ્હીની એક અદાલતે હરિયાણાના શિકોહપુર લેન્ડ ડીલ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં બિઝનેસમેન રોબર્ટ વાડ્રા અને અન્ય લોકો સામેની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ચાર્જશીટની નોંધ લીધી છે.

સ્પેશિયલ જજ સુશાંત ચાંગોત્રાએ જણાવ્યું હતું કે વાડ્રા અને અન્ય આઠ આરોપીઓ સામે આગળની કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા છે. કોર્ટે આ તમામ આરોપીઓને 16 મેના રોજ હાજર થવા માટે સમન્સ જારી કર્યા છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રા સામે કોઈ તપાસ એજન્સી દ્વારા ફોજદારી કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. ઈડીએ ગયા વર્ષે જુલાઈમાં આ ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ 2008માં ગુરુગ્રામના શિકોહપુરમાં 3.5 એકર જમીનના સોદા સાથે સંબંધિત છે, જેમાં વાડ્રાની કંપની સ્કાઈલાઈટ હોસ્પિટાલિટીએ 7.5 કરોડ રૂપિયામાં જમીન ખરીદી હતી અને 2012માં તેને 58 કરોડ રૂપિયામાં DLFને વેચી દીધી હતી. તે સમયે હરિયાણામાં ભૂપિન્દર સિંહ હુડ્ડાના નેતૃત્વમાં કોંગ્રેસની સરકાર હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ તબક્કે તપાસનો વ્યાપ મર્યાદિત છે અને દસ્તાવેજો જોતા કેસમાં આગળ વધવા માટે પૂરતા આધાર છે. જોકે, પુરાવાઓના અભાવે એક આરોપી સત્યાનંદ યાજીને સમન્સ જારી કરવામાં આવ્યા નથી. બીજી તરફ, રોબર્ટ વાડ્રાએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને તેને પોતાના પરિવાર સામેનો રાજકીય બદલો ગણાવ્યો છે.

અંદામાન સમુદ્રમાં રોહિંગ્યા-બાંગ્લાદેશીઓ ભરેલી બોટ ડૂબતાં 250 લોકો ગુમ

ત્રણ રોહિંગ્યા અને છ બાંગ્લાદેશીઓ સહિત નવ લોકોને બચાવી લેવામાં આવ્યા

ઢાકા, તા. 15 (AP): યુનાઈટેડ નેશન્સની શરણાર્થી અને સ્થળાંતર એજન્સીઓના જણાવ્યા અનુસાર, તાજેતરમાં રોહિંગ્યા શરણાર્થીઓ અને બાંગ્લાદેશી નાગરિકો સહિતના લોકો સાથેની મલેશિયા જતી વખતે અંદામાન સમુદ્રમાં એક બોટ પલટી જવાથી ઓછામાં ઓછા 250 લોકો ગુમ થયા છે. જ્યારે વિગતો અસ્પષ્ટ હતી, બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડના પ્રવક્તા લેફ્ટનન્ટ કમાન્ડર સબ્બીર આલમ સુઝને બુધવારે ધ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે, 9 એપ્રિલના રોજ ત્રણ રોહિંગ્યા અને છ બાંગ્લાદેશીઓ સહિત નવ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. સુઝને જણાવ્યું હતું કે, બાંગ્લાદેશના ફ્લેગ કેરિયર એમ.ટી. મેઘના પ્રાઈડના નવ લોકોને બચાવ્યા હતા જ્યારે કૂ મેમ્બરોએ બોટ પલટી ગયા પછી તેઓને સમુદ્રમાં તરતા જોયા હતા. બોટ ક્યારે ડૂબી અને બુધવારે કોઈ સર્ચ ઓપરેશનની સ્થિતિ શું હતી તે અસ્પષ્ટ હતું. યુએન હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશને મંગળવારે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ટ્રોલર દક્ષિણ બાંગ્લાદેશના કોક્સ બજાર જિલ્લાના ટેકનાફથી મોટી સંખ્યામાં મુસાફરોને લઈને મલેશિયા જવા રવાના થયું હતું.

પંજાબમાં બસ પલટતા આઠ શ્રદ્ધાળુનાં મોત

ફતેહગઢ સાહિબ, તા. 15 (PTI): પંજાબના ફતેહગઢ સાહિબમાં આણંદપુર સાહિબથી શ્રદ્ધાળુઓને લઈ જતી એક બસ પલટી જતાં આઠ લોકોનાં મોત થયાં છે અને અન્ય 19 લોકો ઘાયલ થયા છે. એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું. આ અકસ્માત મંગળવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ બસ્સી પઠાણા વિસ્તારમાં મોરિન્ડા-ચુન્ની રોડ પર હિંમતપુરા પાસે થયો હતો. આ તમામ શ્રદ્ધાળુઓ ફતેહગઢ સાહિબના મેઈન માજરીના રહેવાસી હતા.

યુકેમાં આશ્રય મેળવવા પાકિસ્તાની-બાંગ્લાદેશી માઈગ્રન્ટ્સનું ગે હોવાનું નાટક : રિપોર્ટ

પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં સમલૈંગિક સંબંધ બનાવવો એ ગેરકાયદે છે

લંડન, તા. ૧૫ (PTI): મંગળવારે એક ગુપ્ત મીડિયા તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, પાકિસ્તાની અને બાંગ્લાદેશી મૂળના સ્થળાંતર કરનારાઓ પાસેથી ઈમિગ્રેશન સલાહકારો હજારો પાઉન્ડ વસૂલીને તેઓને યુકેમાં આશ્રય મેળવવા માટે ગે (સમલૈંગિક) હોવાનું નાટક કરવાની સલાહ આપે છે. બીબીસીએ જણાવ્યું હતું કે, તેના પત્રકારોએ ખુલાસો કર્યો છે કે જે સ્થળાંતર કરનારાઓના વિઝા સમાપ્ત થવાના છે, તેમને ખોટી મનઘડંત વાર્તાઓ આપવામાં આવી રહી છે અને બનાવટી પુરાવા તૈયાર કરવા માટેની રીત શીખવાડવામાં આવી રહી છે. ત્યાર બાદ તેઓ ગે હોવાનો દાવો કરીને આશ્રય માટે અરજી કરી છે અને કહે છે કે, તેઓ જો પાકિસ્તાન અથવા બાંગ્લાદેશ પાછા ફરશે તો તેમના જીવને જોખમ હશે. બીબીસીના રિપોર્ટમાં જણાવાયું છે કે, "યુકેની આશ્રય પ્રક્રિયા એવા લોકોને સુરક્ષા આપે છે જેઓ તેમના વતન પાછા ફરી શકતા નથી. કારણ કે, તેઓ ત્યાં જોખમમાં હોઈ શકે છે. દાખલા તરીકે, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં સમલૈંગિક સંબંધ બનાવવો એ ગેરકાયદે છે."

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેની મોટી ગુપ્ત તપાસના પ્રથમ ભાગમાં જાણવા મળ્યું છે કે, આ પ્રક્રિયાનો કાયદાકીય સલાહકારો દ્વારા સુનિયોજિત દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, જે લોકો દેશમાં રહેવા ઇચ્છતા સ્થળાંતર કરનારાઓ પાસેથી તગડી ફી વસૂલે છે." રિપોર્ટમાં જણાવાયું છે કે, આમાં મોટે ભાગે એવા લોકો હોય છે જેમના સ્ટુડન્ટ, વર્ક અથવા ટૂરિસ્ટ વિઝા પૂરા થઈ ગયા છે, નહિ કે તેઓ હમણાં જ નાની બોટ દ્વારા અથવા અન્ય ગેરકાયદે માર્ગો દ્વારા દેશમાં આવ્યા છે.